## ભારતીય જનતા પાર્ટીનો ૧૮૨માંથી ૧૫૬ પર ઝળહળતો વિજય

# ઐતિહાસિક વિજય : ભાજપનો જયજયકાર



**ભાજપના એક સાથે ત્રણ વિક્રમ : સૌથી વધુ બેઠકો (૧૫૬) : સૌથી વધુ વોટ શેર (૫૪%) અને સૌથી વધુ સરસાઈ સાથે સૌથી વધુ ઉમેદવારો વિજયી : કોંગ્રેસ પણ સૌથી બેઠકો મેળવવાનો વિક્રમ : વિધાનસભામાં 'આપ'ની એન્ટ્રી**




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૬૭ | ૯ ડિસેમ્બર, ૨૦૨૨, શુક્રવાર; માગશર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# ભાજપની સૂનામી : કોંગ્રેસ કડડભૂસ

**ગુજરાત રાજ્યમાં સતત સાતમી વખત ભાજપની સત્તા, કોંગ્રેસનાં સૂપડાં સાફ : ભાજપે માધવસિંહ સોલંકીના ૧૪૯ બેઠક જીતવાના રેકોર્ડને તોડ્યો : ભાજપનો ૧૫૬ બેઠક સાથે રેકોર્ડ, કોંગ્રેસનો માત્ર ૧૭ બેઠક પર વિજય, આપે માત્ર પાંચ બેઠક સાથે રાજ્યમાં ખાતું ખોલાવ્યું : અન્યોને ચાર બેઠક**

અમદાવાદ, તા.૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૫૦થી વધુ બેઠકો જીતીને ઈતિહાસ રચી દીધો છે. ભાજપના વાવાઝોડામાં કોંગ્રેસ અને આપનો સફાયો થઈ ગયો છે. આમ, રાજ્યમાં ફરી ભૂપેન્દ્ર પટેલની સરકાર બનશે તે નિશ્ચિત થઈ ગયું છે. ગુજરાતની ચૂંટણીના આજના પરિણામે બધા રાજકીય વિશ્લેષકોને ખોટા પાડ્યા છે. મોટાભાગના એક્ઝિટ પોલ પણ ભાજપને ૧૧૦થી ૧૨૦ બેઠકો મળવાનું અનુમાન લગાવાયું હતું. જોકે, ભાજપે આ બધા અનુમાનોને ખોટા પાડ્યા છે અને ઐતિહાસિક જીત મેળવતા માધવસિંહ સોલંકીનો ૧૪૯ બેઠકોનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ભાજપે ૧૮૨ બેઠકમાંથી ૧૫૬, કોંગ્રેસે ૧૭ અને આપે ૫ અને અન્યોએ ચાર બેઠક પર વિજય મેળવ્યો છે. એટલું જ નહીં, સતત બીજી વખત મુખ્યમંત્રી બનવા જઈ રહેલા 'દાદા'ના હુલામણા નામથી જાણીતા ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી ફરીથી જીત મેળવતા વોટના મામલે પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યો છે.



તેમણે ૧.૯૧ લાખની લીડથી આ બેઠક પર વિજય મેળવ્યો છે. તો ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ સુરતની મજુરા બેઠક પરથી ૧.૩૩ લાખ કરતા વધુ બેઠકથી વિજય મેળવવાની સાથે સપાટો બોલાવ્યો છે અને તેમની સામેના બધા ઉમેદવારોએ પોતાની ડિપોઝીટ ગુમાવી છે. ભાજપના વર્તમાન મંત્રીઓમાંથી એકમાત્ર કીર્તિસિંહ વાઘેલા કાંકરેજ બેઠક પરથી હારી ગયા છે. ગુજરાતની ચૂંટણીના પરિણામો સવારે જાહેર થવાનું શરૂ થયું તે સાથે જ ભાજપના કાર્યાલયો પર ઉજવણીનો માહોલ શરૂ થઈ ગયો હતો.

શરૂઆતથી ભાજપ ૧૫૦થી વધુ બેઠકો પર આગળ રહ્યો હતો અને તે પછી જેમ-જેમ એક-એક બેઠકના પરિણામો જાહેર થતા ગયા, તેમ-તેમ વિપક્ષના નેતાઓના મોં પર નિરાશા છવાઈ જવા લાગી હતી. ભાજપ માટે આ જીત એટલા માટે પણ મહત્વની છે કે, આ વખતે સત્તા વિરોધી લહેર ઘણી પ્રબળ હતી. તેમ છતાં પીએમ નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની મહેનત અને પ્રદેશ પ્રમુખ


● અનુસંધાન પાન-૭ પર



**ગૌરવ છે, અભિનંદન છે.**

આપના ઐતિહાસિક વિજયને ગાંધીનગર કલ્ચરલ ફોરમ

ઉમળકાપૂર્વક વધાવે છે.

સંસ્થાના સભ્યપદથી ધારાસભ્યપદ સુધીની સફળ યાત્રા માટે

ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો ગૌરવ અનુભવે છે.

શહેરની સાંસ્કૃતિક - સાહિત્યિક પ્રવૃત્તિઓનો

વેગ અને વ્યાપ વધશે

એવી અભિલાષા એવમ્ શ્રદ્ધા સહ

આપને અભિનંદન અને શુભકામનાઓ પાઠવીએ છીએ.



શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ

(ધારાસભ્યશ્રી, ગાંધીનગર ઉત્તર)

ગાંધીનગર કલ્ચરલ ફોરમ